

**ડૉ. મહેશભાઇ પટેલ**
(OSD, KCG) અને પ્રોફેસર,
આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદ

પ્રતિ,
ડાયરેકટરશ્રી,
નારાયણ વિદ્યાલય,ભરૂચ

આદરણીય ભગુદાદા,

તા. ૧૨/૧૦/૨૫ ના રોજ નારાયણ બાપુના આશીર્વાદથી સંમાર્જિત નારાયણ વિદ્યાલયની મુલાકાતનો અમૂલ્ય લ્હાવો મને પ્રાપ્ત થયો. "સુગરીના માળા" જેવી આપની આ સંસ્થા ઊર્જાવાન, જ્ઞાનવાન અને સંવાદિતાપૂર્ણ વિશ્વ હોવાની અનુભૂતિ થયા વગર ન જ રહે તેવી છે. સૂર્યના પર્યાય સમા કોડિયા બનીને આપના શિક્ષકો અજવાશ પાથરી રહ્યા હોય ત્યારે આ સહૃદય શિક્ષકો સાથે આત્મીય વાત કરવાની ખૂબ મજા પડશે. આવા જ્ઞાનસત્રનું આયોજન કરવા બદલ હું આપનું અભિવાદન કરું છું.

મનુષ્ય અનંત શકિત અને અનંત ઉર્જાથી અવિરત કાર્ય કરતો રહે તો વિશ્વમાનવી બનવું કંઇપણ મુશ્કેલ નથી. જીવનમાં કંઇ પ્રાપ્ત કરવા જેવું હોય તો તે છે જ્ઞાન. જેનાથી વિત્તની સાથોસાથ વ્યવહાર કુશળતા પ્રાપ્ત થાય છે. શાળાના શિક્ષકને મૂઠી ઊંચેરા બનાવવાના પ્રયત્ન સ્વરૂપ આ કાર્યક્રમને હું બિરદાવું છું.

આપણા બાળકો નચિકેતા, પ્રહલાદ, શ્રવણ, એકલવ્ય જેવા મહાનુભવોના વારસદારો છે. આ બાળકોની આંતરિક શકિત ખીલવવા માટે એડીચોટીનું જોર લગાવી મંડી પડીએ. કહેવાય છે ને કે સમય, શકિત અને પુરુષાર્થ કેળવો તો કાંઇ અશકય નથી. ભવ્ય ભૂતકાળનો વારસો ધરાવનારા આપણે આવતીકાલ માટે એવા યુવાનોનું સર્જન કરીએ જે **INNOVATE, ELEVATE** અને **ACCELARATE** કરી શકે. નવયુવાનો વધુ સારા Ideas અને Creativity થકી સોયથી સેટેલાઇટ સુધી, ચીપથી શીપ સુધી વિચારે અને પોતાના Brain Storming દ્વારા અલૌકિક સર્જક બને. વ્યવહારકુશળ અને કર્તવ્યનિષ્ઠ બની ૬૪ કલાઓના આપણા ભવ્ય વારસાને જાળવે સાથે સમયોચિત ટેકનોલોજીને પણ જીવનમાં સ્થાન આપે. અને ૨૦૪૭માં વિકસિત ભારતના સ્વપ્નને સાકારિત કરવામાં પોતાનું અનન્ય યોગદાન આપે.

આવા યુવાનોનું સર્જન કરવા માટેની જવાબદારી ઇશ્વરે શિક્ષકના હાથમાં મૂકેલ છે. તેથી વર્ગખંડમાં આયોજન વગર ન જતાં પ્રતિદિન તૈયારી કરીને જ જવું જોઇએ. વિદ્યાર્થીઓ સાથે સંવાદ કેળવી,આત્મીયતા કેળવી તેમને સર્જકતા તરફ દોરવાનું કર્મ જે શિક્ષક કરે છે તે આહ્લાદક આનંદની લાગણી અનુભવે છે. ટેકનોલોજીને આધાર સ્તંભ બનાવી વિદ્યાર્થીઓને ક્રિયાન્વિત શિક્ષણનો અનુભવ આપવો એ આજના સમયની તાતી જરૂરિયાત છે.

**વેદથી લઇ વેબ સુધી, ઉપનિષદથી લઇ ઉપગ્રહો સુધી, ચર્ચા સભાઓથી લઇ Chat Gpt સુધી, ૐ કારથી લઇ AI સુધીનું જ્ઞાન વિદ્યાર્થીઓને આપી શકતા શિક્ષકો સાચા અર્થમાં શિક્ષકત્વને ઉજાગર કરી શકે છે**. બાળકોમાં નેતૃત્વશકિત ઉજાગર કરવા તેમને **મતિ, ગતિ, પ્રગતિ અને ઉન્નતિ** જેવા શબ્દો સાર્થક કરતાં શીખવાડો અને તેમને સર્વોપરી બનાવવા પ્રયત્નો શરૂ કરો જેથી આપ સૌને વર્ગસ્થ અને સ્વર્ગસ્થતાનો અનુભવ થાય. ગુણવત્તાયુકત શિક્ષણ આપતી આ સંસ્થા અને ત્યાંના શિક્ષકો સાથે આત્મીય વાતચીત કરીને અલૌકિક આનંદ થયો.

જયારે મનુષ્યનું મૃત્યુ આવે છે ત્યારે તે ધન, પશુ, પત્નિ (પતિ), સ્વજનો, અરે પોતાના દેહને સુધ્ધાં સાથે લઇ જઇ શકતો નથી. માત્ર તેનું કર્મ જ તેની સાથે જઇ શકે છે ત્યારે આપણે સૌ કર્મના ધની બનીને આપણને સોંપાયેલ કતૃત્વનો શ્રેષ્ઠ કાર્યથી પ્રત્યુત્તર આપીએ.

આ સંસ્થામાં મને બોલાવ્યો અને મારા વિચારોની અભિવ્યકિતને માધ્યમ પૂરું પાડયું તે બદલ હું ડૉ. ભગુભાઇનો તથા સંસ્થા પરિવાર અને ટ્રસ્ટી ગણનો આભાર માનું છું. શિક્ષકોએ રજૂ કરેલા સંશોધનો જેવા નાનકડા પ્રયાસો થકી જ આ વિશ્વને કંઇક નવું પ્રાપ્ત થશે, તો આવા સંશોધક શિક્ષકોને અભિનંદન પાઠવું છું.

કાર્યક્રમમાં આપ સૌ સાથે વાતચીત કરવાની મને ખૂબ મઝા પડી. આ માટે આપ સૌનો કૃતજ્ઞતાપૂર્વક આભાર માનું છું.

**ડૉ. મહેશ પટેલ**
**KCG અમદાવાદ**

**ક્રિયાત્મક સંશોધન શિક્ષકની પોતાની સમસ્યાનો ઉકેલ આપે છે.**